## સાફલ્ય ગાથા,અમદાવાદ ગ્રામ્ય.

## અઠવાડિક તા.૨૮/૦૮/૨૦૧૭ થી તા.03/૦૯/૨૦૧૭

## પ્રેસનોટ –

**બોપલના વહેપારી ની બાવળા ખાતેની ચકચારી રૂ.બે લાખ રોકડ રકમની હાઇવે રોબરીના ગુન્હાનો ગણત્રીના કલાકોમાં ભેદ ઉકેલી કુલ-ચાર લબર મૂછીયાને ઓરીઝનલ મુદ્દામાલ સાથે ઝડપિ પાડતિ એલ.સી.બી, અમદાવાદ ગ્રામ્ય તથા બાવળા પોલીસ**

બોપલ આબાદનગર સોસાયટી ખાતે રહેતા મુળ ગામ વડદલા, તા.બાલાસીનોર જી.મહીસાગરના વતની અને બોપલ ખાતેની બહુચર ટ્રેડીગ કંપનીના કોસ્મેટીક ચીજવસ્તુઓનો હોલસેલ સેલ્સ મેન ફરીયાદિશ્રી કમલેશભાઇ કાંતીભાઇ ઠાકોર ઉ.વ-૨૭ નાઓ કંપનીની બંધબોડીની બોલેરો ગાડી નં-જી.જે.૦૧.ડી.એકસ ૩૧૮૬ જાતે ડ્રાઇવીગ કરી ગઇ તા.૨૫/૮/૨૦૧૭ ના રોજ બોલેરો ગાડીમાં કોસ્મેટીકનો સામાન ભરી બાવળા ખાતે આવેલ નીલકંઠ ટ્રેડીગ નામની દુકાનમાં માલ આપવા સાજના આઠેક વાગે ગયેલ અને માલસામાનના રૂપીયા ૧,૯૪,૨૩૦/- રોકડા લઇ બાવળા સરખેજ નેશનલ હાઇવે ઉપર બાવળા થી આગળ ગોકુલ રાઇસ મીલ નજીક આશરે સવાનવ વાગે પહોચેલ તે સમયે પાછળથી સ્પ્લેન્ડર બાઇક ઉપર આવેલ અજાણ્યા ત્રણ ઇસમોએ ઓવરટેક કરી ગાડી ઉભી રખાવી બાઇક ગાડી આગળ ઉભુ કરી ફરીયાદિશ્રી કઇક સમજે તે પહેલા ગાડી માંથી બહાર ખેંચી ગાડીની ચાવી કાઢી લઇ ધાક ધમકી આપી માલ સમાનના રોકડ રૂપીયા-૧,૯૪,૨૩૦/- ભરેલ થેલી આચકી લૂંટ કરી ભાગી ગયેલ સંબધે આશરે ૨૦ થી ૨૫ વર્ષની ઉંમરના અજાણ્યા ઇસમો વિરૂધ્ધ બાવળા પો.સ્ટે ખાતે ગુન્હો નોધાયેલ જે ગુન્હાની ગંભીરતા ધ્યાને લઇ અમદાવાદ ગ્રામ્ય જીલ્લાના પોલીસ વડાશ્રી આર.વી.અસારી સાહેબશ્રી નાઓએ એલ.સી.બી એસ.ઓ.જી અને સ્થાનિક પોલીસની અલગ અલગ ટીમો બનાવી ગુન્હો શોધવા ચક્રો ગતિમાન કરેલ તેના ભાગરૂપે પો.સ.ઇ શ્રી એસ.એન.રામાણી અને શ્રી આઇ.એમ. ઝાલા એલ.સી.બી, અને એ.બી.વોરા પો.સ.ઇ બાવળા ટીમે ગુન્હા વાળી જગ્યાની વિજીટ કરી ગુન્હાની પધ્ધતી અને ફરીયાદીશ્રીએ આપેલ વર્ણન આધારે સ્થાનિક ઇસમોની સંડોવણીના

અનુમાન સાથે હાઇવે રોડ ઉપરના સી.સી.ટી.વી ફુટેજ તેમજ આ પ્રકારે ગુન્હા આચરતી ગેંગ સબંધે માહિતી એકત્રિત કરી ગુન્હો શોધવા પ્રયાશ હાથ ધરેલ તેના ફળ સ્વરૂપે ચોક્કસ બાતમી આધારે સ્થાનિક.શ્રી એ.બી વ્હોરા પો.સ.ઇ બાવળા પો.સ્ટે. તથા એલ.સી.બી ની ટીમે સયુક્ત ઓપરેશન હાથ ધરી બાવળા સાણંદ ચોકડી ખાતે વોચ ગોઠવી ભારે જહેમતથી ગુન્હામાં સંડોવાયેલ ચાર લબર મૂછીયા ઇસમોને ઓરીજનલ મુદ્દામાલ સાથે ઝડપિ પાડેલ

**<u>રોકડ રકમ રૂ. ૧,૯૪,૨૩૦/- ના ઓરીઝનલ મુદ્દામાલ સાથે કુલ ચાર લબર મૂછીયા ઝડપાયા</u>**

(૧) સોહીલ ઉસ્માનભાઇ ઇસ્માઇલભાઇ જાતે મેમણ ઉ.વ ૨૧ રહે. બાવળા આર્યસમાજ મંદિર સામે તા બાવળા

(૨) નિકુલ કચરાજી જાતે ઠાકોર ઉ.વ ૧૯ રહે બાવળા આર્યસમાજી મંદિર સામે તા બાવળા જી અમદાવાદ

(૩) ઇરફાનભાઇ ફતેમહંમદભાઇ કરીમભાઇ જાતે રાઉમા ઉ.વ ૨૨ રહે રૂપાલ તા બાવળા મુળગામ બાવળા આર્યસમાજ મંદિર સામે તા બાવળ જી અમદાવાદ

(૪) કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર

ઉક્ત ઇસમો પાસેથી ગુન્હામાં ઉપયોગ કરેલ સ્પેલન્ડર બાઇક નં. જી.જે. ૦૧, જે.ઝેડ ૨૦૪૩ કી.રૂ. ૨૦,૦૦૦/- તથા લૂંટમાં મેળવેલ રોકડ રકમ રૂ. ૧,૯૪,૨૩૦/- તથા મો.ફોન – ૩ કિ.રૂ. ૧૯૦૦૦/- મળી કુલ રૂ. ૨,૩૩,૨૩૦/- નો મુદ્દામાલ કબ્જે કરી અટકાયત કરી આગવી ઢબે પૂછપરછ કરતા ચોકાવનારી હકિકત સામે આવેલ

**<u>આરોપીઓએ ગુન્હાને કેવી રીતે અંજામ આપેલ</u>**

આરોપી નિકુલ કચરાજી ઠાકોર બાવળા ખાતેના દેવઆર્કેડ કોમ્પલેક્ષમાં નિલકંઠ ટ્રેડીંગ નામની હિતેશકુમાર મહેશ્વરીની કોસ્મેટીકની દુકાનમાં નોકરી કરે છે. જેથી ફરીયાદિશ્રી અવાર નવાર કોસ્મેટીકનો હોલસેલમાં માલ સમાન આપવા આવતા હોઇ માલના વેચાણની મોટી રકમ ફરીયાદિશ્રી સાથે લઇ જતા હોવાની જાણકારી હોઇ અન્ય સાગરીતો એવા પોતાના મિત્રો સાથે મળી નાણા લૂંટ કરવાનો ફૂલપ્રૂફ પ્લાન બનાવલે તેના ભાગરૂપે રૂટ રસ્તાની રેકી

કરી ગુન્હાને કેવી રીતે અંજામ આપવો તેનુ રીહર્લ્સ કરેલ બનાવના દિવસે ફરીયાદિશ્રી માલ સામનની રોકડ રકમ લઇ નિકળતા આરોપી નિલેષએ લીફ્ટના બાહના હેઠળ બાવળા નવી બજારના ઢાળ સુધિ ફરીયાદિશ્રી સાથે બોલેરો ગાડીમાં આવેલ અને પોતાના મિત્રો એવા સાગરીતોનો સર્પક કરી ફરીયાદિશ્રી નુ લોકેશન આપેલ જેથી સાગરીતોએ એક બાઇક ઉપર ત્રણ સવારી ફરીયાદીશ્રીનો પીછો કરી બનાવ સ્થળે ઓવર ટેક કરી ગાડિ ઉભી રખાવી ગુન્હાને અંજામ આપેલ

અત્રે નોધનિય છેકે આરોપીઓ મજૂરીયાત વર્ગના હોઇ પોતાનો મોજશોખ પૂરો કરવા શોર્ટ કટથી પૈસા મેળવવા ક્રાઇમ થ્રીલર સીરીયલ થી પ્રેરાઇ ગુન્હાને અંજામ આપેલાની હકિકત સામે આવેલ છે.





## પ્રેસનોટ –

**રૂ.૧૨,૦૦,૦૦૦/- થી વધુની કિંમતનો પરપ્રાંતિય દારૂના વિપુલ જથ્થા સાથે ગોડાઉન ઝડપી પાડતી એલ.સી.બી. અમદાવાદ ગ્રામ્ય**

જીલ્લામાંથી પ્રોહી પ્રવૃતિ નેસ્ત નાબુદ કરવાના ભાગ રૂપે જીલ્લા પોલીસ વડાશ્રી શ્રી આર.વી.અસારી સાહેબ નાઓએ એલ.સી.બી, પો.ઇન્સ. શ્રી જે.એમ.ચુડાસમા, પો.સ.ઇ.શ્રી એસ.એન. રામાણી અને શ્રી આઇ.એમ.ઝાલા નાઓને આપેલ સુચના અન્વયે એલ.સી.બી.ટીમે ચોક્કસ બાતમી આધારે વિરમગામ હાઇવે રોડ, સાંણદ આંખની હોસ્પિટલની સામે, ઇગલ વે બ્રીજ ની ગલીમાં જૂની જલારામ રાઇસ ના પ્લોટમાં ભંગારના વાડામાં રેઇડ કરી ભારતિય બનાવટના પરપ્રાતિય દારૂની ૭૫૦ મી.લી.ની બોટલો નંગ- ૪૧૩૭ કિ.રૂ. ૧૨,૪૧,૧૦૦/- તથા મારૂતિ વેગન આર ગાડિ કિ.રૂ. ૨,૦૦,૦૦૦/- મળી કુલ રૂ. ૧૪,૪૧,૨૦૦/-નો મુદ્દામાલ ઝડપી પાડેલ

<u>પરપ્રાંતિય દારૂની ૭૫૦ મી.લી.ની બોટલો નંગ- ૪૧૩૭ કિ.રૂ. ૧૨,૪૧,૧૦૦/-ના</u>

<u>દારૂના વિપુલ જથ્થા સાથે સંડોવાયેલ ઇસમો</u>

**(૧) રાજેશ કશ્મિરીલાલ ગેલેત્રા (૨) અલોક કુમાર શરદચંન્દ્ર પાંડે**

**બન્ને રહે. ક,રાજપુર કોદાર , જગદિશ્વરપુર, શાહગઢ, અકુઇયા, સુલતાનપુર**

**(ઉત્તર પ્રદેશ)**

**ઉક્ત ઇસમો વિરમગામ હાઇવે રોડ, સાંણદ આંખની હોસ્પિટલની સામે આવેલ ઇગલ વે-બ્રીજની ગલીમાં, જૂની જલારામ રાઇસ મિલનો પ્લોટ ભાડેથી રાખી ભંગારના ધંધાની ઓથે પરપ્રાંતિય દારૂનો વિપુલ જથ્થો રાખેલાની ચોકકસ બાતમી આધારે રેઇડ કરી ભારતિય બનાવટના પરપ્રાંતિય દારૂની (૧) રેર વ્હિસ્કિની ૭૫૦ મી.લી.ની બોટલો નંગ- ૩૭૫૩ (૨) ઓલ્ડ મેક થ્રી એક્સ રમ, ૭૫૦ મી.લી.ની બોટલો નંગ- ૩૮૪ મળી કુલ બોટલ નંગ- ૪૧૩૭,રૂ.૧૨,૪૧,૧૦૦/-ની કિમંતનો પરપ્રાંતિય દારૂનો વિપુલ જથ્થો તથા વેગન આર ગાડિ નં. નં. યુ.કે.૦૭, એ.એ.૫૨૩૯ કિ.રૂ. ૨,૦૦,૦૦૦/- મળી કુલ રૂ. ૧૪,૪૧,૧૦૦/- નો મુદ્દામાલ મળી આવતા સંડોવાયેલ આરોપીઓને ઝડપી સ્થાનિક ઇસમો સંડોવાયેલ છે કે કેમ? તે દિશામાં તપાસ હાથ ધરેલ છે.**

**પોલીસની આંખમાં ધૂળ નાખવાના પ્રયાસના ભાગરૂપે અસમાજીક તત્વો નીત નવી તરકીબ અજમાવતા હોય છે પ્રસ્તૃત કેશમાં ભંગારના ઓથા હેઠળની નવી તરકીબ પોલીસની ગુપ્ત તિસરી આંખ સમક્ષ ના કામિયાબ**






*આમ અમદાવાદ જીલ્લા એલ.સી.બી.તથા સ્થાનીક બાવળા પોલીસ સ્ટેશન ની ટીમ ધ્વારા સદરી વીક દરમ્યાન ઉકત સારી અને પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે.*

*(આર.વી.અસારી)*
*પોલીસ અધિક્ષક*
*અમદાવાદ ગ્રામ્ય,અમદાવાદ*